શ્રીમાન ધ્રાંગધ્રાનરેશ મહારાણાશ્રી
ઘનશ્યામસિંહજી મહારાજાશ્રિત.
શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજ.

સતી તોરલ.

નાટક—ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
એમ. એન. એન્ડ પીતળવાળા
શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજના માલેકો.

ધી "રાંદેર" પ્રિન્ટીંગ પ્રેસ, ભાગાતળાવ–સુરત.

કીમત ૨ આના.

છપાવી પ્રસીદ્ધ કરનાર—મોતીરામ બેચર નદ
નકુભાઇ કાલુભાઇ શાહ
અબદુલકયુમ અબદુલહુશેન
પીતલ્લવાળા

પ્રસીધ્ધ કરવાનુ ઠેકાણું-સુરત, સ્ટેશનરોડ પ્રીન્સેસ થીએટર.

છાપનારનુ નામ—રતિલાલ દુર્લભદાસ

છાપવાનું ઠેકાણું—ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ
ભાગાતળાવ—સુરત.

શ્રીમાન્ ધ્રાંગધ્રા નરેશ મહારાણાશ્રી
ઘનશ્યામસિંહજી મહારાજાશ્રિત,

શ્રી આર્ય નીતિ દર્શક નાટક સમાજ.

સતિ તોરલ.

નામક નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

રચનાર,
પ્રભાશંકર અંબારામ નાયક.

પ્રયોજક,
વિઠ્ઠલદાસ ત્રિભોવનદાસ ભોજક—ડાયરેકટર.

પ્રકાશક,
એમ. એન. એન્ડ પિત્તલવાલા—માલીકો.

આવૃત્તિ પહેલી.) સર્વ હક્ક સ્વાધિન. (પ્રત ૫૦૦૦

સુરત બાગાતળાવ રોડઉપર આવેલા ધી "રંઢિર" પ્રીન્ટીગ પ્રેસમાં
રતિલાલ દુર્લભદાસે છાપી.

કિંમત રૂ. ૦–૨–૦

પ્રયોજકની નમ્ર વિજ્ઞપ્તિ.

આનદો ધ્યાનના પ્રેમ પુષ્પોથી પ્રેક્ષકોને વધાવી પ્રયોજક પોતાને અહો ભાગ્ય માનતો સવીનય વિજ્ઞાપના કરે છે કે પ્રસ્તુત નાટય સતી તોરલ અમો શ્રી સરસ્વતિ નાટક સમાજમા ભજવના હતા પણ અમારા ભાગીયા શાહ વાડીલાલ હરગોવનદાસ મનેર ાજી ખુશીથી ઇ છા પ્રમાણે કરેલા કરારથી છુટો કર્યો છે. ને આ સતી તોરલ નાટકની 'લે મારા ભાગમા આપી છે તે ભજવુ, ભજવાવવુ, વેચુ, વેચાવું યા છપાવવુ તેનો સર્વસ્વ હક મને લખીત કરારથી સોપી દીધો છે તાહવેથી અમો સુવિખ્યાત કપની શ્રીઆર્ય નીતી વિ દર્શક નાટક સમાજ સાથે જોડાયા છીએ ને શુભ મુહુર્તથી સ્થાપીત કરેલી પોતાની નિતીમય ખેલોથી જનસમાજને અભિરૂચી વધારનારી આ કપનીના યશસ્વિ અધ્યક્ષોએ પુન બે સસ્થાઓમાથી વળી ત્રીવેણી સમ આ ત્રીજી આર્ય નિતી કપની કરવાનો સકલ્પ થતા પ્રભુ કૃપાએ જગતજનોને દીન પ્રતીદીન અભિનવ ખેલો ભજવી બતાની વીશેષ રીતે આપ સર્વ સદ્ગ્રહસ્થોનો સ્નેહ સપાદન કરવા શુભારભ કરે છે તત્સબધે ટુકમા જણાવવાનુ કે આજથી આ તોરલનો નીતી ભકિત તથા વીરરસ પુરીત ખેલ શ્રી આર્યનિતી દર્શક નાટક સમાજને ભજવવા હુ સોપુ છુ આજથી સર્વ હક સાથે આ કપનીજ ભજવશે આશા છે કે સુજ્ઞ પ્રેક્ષકો જેમ અત્યાર સુધી અમને ઉત્સાહ વૃદ્ધિ કરી પ્રેમથી પરિતોસ્યા છે. તે ભાવ સતત રાખી આ નૂતન પ્રયાસને અનુમોદન આપશો અસ્તુ.

લી. કૃપાભિલાષી.

વીઠ્ઠલદાસ ત્રીભોવનદાસ ભોજક.

નાટક સમાજના ડાયરેકટર—**સુરત.**

પૂર્વ વૃત્તાન્ત.

સૌરાષ્ટના મધ્યબિંદુ કચ્છ અને ત્યાંનાં મૂળ રાજયસ્થાન ભૂજ અજાર રાજયનાં ફુટાયા કુંવર જેસલની ગેરવર્તણુંકથી ત્યાના રાજ્યાધિકારી તેના વડીલ બન્ધુ સંગ્રામસીંહ તરફથી તેની વર્તણુક સુધારવા જેસલને દેશવટો મળેલો છે આથી ઉશ્કેરાઇ જઇ જેસલ આસપાસના પ્રદેશમાં બહારવટુ શરૂ કરી ગરિબ પ્રજાને હૃદયભેદક ત્રાશ આપી અનેક રાક્ષસી જુલ્મહત્યાઓ કરે છે પરંતુ તેટલેથી સંતોષ નહી પામતા વિદેશના અપમાનની આગથી સળગતો તે પોતાના ભાઇ પ્રત્યે વૈર લેવાના એક નિશ્ચયપર આવી વૈર લેવાની તરકટી યુક્તિ રચી વડીલ બન્ધુને પોતાની ભયકર માંદગીના સમાચાર કહાવ્યા છે જેથી જુલ્મી લુટારો કીંવા બ્હારવટીયાના ઉપનામથી અંકીત થયેલ જાલીમ જેસલની તદ્દન પ્રપંચી અને બનાવટી વાતપર બન્ધુપ્રેમી ભોળો રાજા વિશ્વાસ રાખી સ્વપત્નિ સાથે ભાઇની ખબર પુછવા જેસલ કને આવે છે. ત્યાંથી આ નાટકની શરૂઆત થાય છે.

સતિ તોરલ નામે ખેલના મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્ર.

જેશલ	કચ્છ, ભુજ અંજારનો નામાંકિત લુંટારો. જે પહેલાનો ક્રૂર પણ પછીથી સતિ તોરલના ઉપદેશથી બનેલો પરમ ભક્ત.
સંગ્રામસિંહ	જેશલનો મોટો ભાઈ
માલદેવ	ઔરભ નગ્રનો રાજા (મયંકનો પિતા)
મયંકસિંહ	રાજા માલદેવનો પુત્ર (કુમુદિનો ભવિષ્યે થનાર પતિ)
સાસતીયો	તોરલનો પતિ (એક બડીઓ રાજા) વેશ્યા ચારી પછીથી સતિના ઉપદેશથી સુધરેલ
બહાદુરસિંહ	જેસલનો નિત્ય સલાહકાર સરદાર.
મલરાજ	માલદેવનો સેનાધિપતિ
સરદારસિંહ	કુમુદિનો વફાદાર સરદાર.
સધીર	. ભ્રષ્ટ મતિનો એક શ્રીમંત વણીક (પાછળથી સતિના હાથે સુધરેલ.)
અખંડાનંદ	.. તોરલનો ગુરૂ.
લાલીયો. ..	....સધીરનો ભત્રીજો.

લક્ષ્મીદાસ ... .લક્ષ્મીનો લોભી મહન્ત
મુકતાનંદ. .લક્ષ્મીદાસનો અજ્ઞાની શિષ્ય.
અભેદરામ.. .અખંડાનંદનો જ્ઞાની શિષ્ય.
નંદશંકર. .. ...એક ભ્રષ્ટ મતિનો બ્રાહ્મણ

સ્ત્રી પાત્ર.

સતિ તોરલ .સાસતીયાની ધર્મ પત્નિ. સતિત્વની શાક્ષાત મુર્તિ.
કુમુદિની. રાણી સમરેશ્વરિની પુત્રી.
સમરેશ્વરી... ...સમરગઢની રાણી.
કુલાંદે ... માલદેવની રાણી, (મયંકસિંહની માતા)
મદનિકા . . સાસતિયાની માનિતિ નાયકા પાછળથી અખંડાનંદના શીષ્ય અભેદરામના હાથે સુધરે છે.
ચંપક . મદનીકાની દાસી
રૂપાંદે . .સંગ્રામસિંહની સ્ત્રી (જેશલની ભાભી)
ઉજળી .... એક વાણીયણ.
નિપુણીકા
તરલિકા } સતિ તોરલની સખીઓ.
લલના
ગુણવંતિ

દરબારીયો, લુટારા, દોસ્તો, સાધુઓ, દાસીયો, વારંગનાઓ, વિગેરે વિગેરે (સ્થળ, સિંન્ધ કાઠીઆવાડ કચ્છના.)

ॐ પરમાત્મને નમઃ

સતિ તોરલ નાટકનો ટુંકસાર.

સુત્રધાર-ઈશ્વર સ્તુતી, વસ્તુ સુચન--બાળાઓ મુખે સતીત્વનુ ગુણગાન.

પ્રવેશ ૧—પહાડી વન પ્રદેશ-જેશલ પોતાના બાહારવટીયા સાથીઓ સાથે । શસ્ત્ર પુજનની કરી રહયો છે, બાદ, પ્રથમનુ પોતાના વડીલ ભાઇ સગ્રામસીહ તરફથી થએલા અપમાન બદલ માદગીનુ બાહાનુ કાઢી ભાઇને મળવા બોલાવી તેની સ્ત્રી રૂપાદે સાથે આવતા મેલાપ પુર્વના અપમાનનો ક્રોધાગ્ની પ્રજ-વલીત થતા ભાઇ ભોજાઇનું ખુન કરી. ખુશી થાય છે તેનામા વણીક લોકોની જાન આવતા લુટ ચલાવી પુસ્કળ પૈસા મળવાથી આનદ માના દેવીને પ્રસન્ન કરવા ભાઇ ભોજાઇના બલીદાન ઉપરાંત ડુગરો પર દાવાગ્નિ સળગાવી ઉત્સવ માને છે

પ્રવેશ ૨ -બાવાનો મઠ લક્ષ્મીદાસ નામનો ઢગ મહત-લક્ષ્મી ઉડાવવાની લાલસાથી, સંસારી સ્ત્રી પુરૂષોને મોહિની વશીકરણ વીગેરે કરી આપી ઉજળી નામની સ્ત્રી ઉપર આશક પડે છે. તેનો શીષ્ય મુકતાનદ ગુરૂની ભ્રષ્ટ બુદ્ધીથી ગુરૂનો તીરસ્કાર કરે છે અને તેની પાસેથી મેળવેલુ ખાનગી ધન પડાવી લેવાની તજવીજ કરે છે, તેવામાં સધીર નામનો ઢગ વણીક તથા તેનો મીત્ર નદશંકરને કાશીની પત્રીકાનો વેશ સાધુને સમજાવી ભરમાવી. સાધુ લક્ષ્મીદાશ પાસેથી પૈસા લઇ ચીઠ્ઠી લખી આપી પોતાના ભત્રીજા લાલીયા સાથે વણીક વીદ્યાની

ઉસ્તાદી જણાવે છે. ને નદશકરીને હાથ તાળી આપી પૈસા એકલો પચાવી લઇ જાય છે

પ્રવેશ ૩—સતી તોરલ પોતાના ખાનગી મહાલયમા ભજન કીર્તન ગાય છે, સખીઓને સતી ધર્મનો ઊપદેશ સમજાવે છે. મળવા આવેલી પોતાની મામીની પુત્રી, કુમુદીનીને, નીતી જ્ઞાન વીગેરે સમજાવે છે, તેવામા તેનો વ્યભીચારી સ્વામી સાસતીયો શીકાર રમી પ્રવેશ કરે છે સતી સ્વામીને નીરપરાધી પશુ પખીને વધ નહી કરવાનો ઊપદેશ આપે છે, છતા ઉખડેલ સાસતીયો તોરલનો તીરસ્કાર કરી મદનીકા નામની રાખેલ વેસ્યાને પોતાના મકાને તેડાવે છે, ત્યાં પ્રેમ આનંદના વ્યભીચારી ઉદગારો કહાડતો મદનીકા સાથે મદ્યપાન કરે છે. ત્યા સતિનો સદુપદેશ આખરે કુછદી પતી ઘરનો ત્યાગ કરી ચાલ્યો જાય છે

પ્રવેશ ૪--સતી તોરલના બગીચામા કુમુદીની સખીઓ સાથે હાસ્ય વીનોદ કરે છે તેવામા સૌરભ નગ્રના માલવદેવ રાજાનો કુમાર મયક રસ્તામા થાક લાગવાથી બગીચામા વીરામ લેવા પ્રવેશ કરતા કુમુદીની તથા મયકનો મેલાપ, પ્રેમ દર્શન તથા પરસ્પર પ્રેમ વચન આપી મનથી વરી વચન લઇ કુમાર મયક તથા કુમુદીની પોતપોતાને સ્વદેશ જવાના વીચારથી જુદા પડે છે.

પ્રવેશ ૫--મદનીકા ગુણકાના મકાનમા સાસતીયો તથા તેના મીત્રોની ગમ્મત, ગુણકાની દ્રવ્ય હરણ કરવાની કળા, મોરલીનો નાચ, એકાએક સર્પ નીકળી સાસતીયાને ડશ કરતા તોરલના સ્વામીનુ મર્ણ, સ્વાર્થી મીત્રો સાસતીયાને મુએલો સમજી નાસી જાયછે, સ્વાર્થિ ગુણકા મદનીકા તે લાસને ખડેરમા નોકરો સાથે ઉપડાવી નાખી દેવડાવે છે

પ્રવેશ ૬--જંગલમા ગરાસિંહ, પોતાના નોકરો સાથે કુમુદીનીને ગહેરગ તરફ રથમા બેસાડી ચાલ્યો જાય છે. તેવામા જેસલ તથા તેના મીત્રો આવી કુમુદનીનું રક્ષણ કરનાર સરદારમોટ ને ઠાર કરી, કુમુદનીને કબજે કરી પોતાની ગુફામા લઇ જાય છે.

પ્રવેશ ૭-જુના ખડેરમાં-સામતીયાને બેશુધ્ધ સ્થિતીમા મદનિકાની દાસીઓ નાખી ચાલી જાય છે ત્યા સતી તોરલ પોતાની સખીઓ સાથે ત્યામા શોધમા આવે છે. મણ પામેલા સામતીને જોઇ, સતી અપાર શોચ કરી શ્રીજ્યોતી નારાયણનુ સ્મર્ણ કરે છે પ્રભુભકિતના પ્રતાપથી, સતીના સતીત્વથી સર્પનુ ઝેર ઉતરી જાય છે અને સામતીયો નવીન જીવન પામે છે, પોતાની આવી અધમ સ્થીતીનો વીચાર આવતા સતીનો ઉપકાર માનો થયેલી ભુલનો પશ્ચાતાપ કરી સામતીયો સુધરેછે સતી તોરલ નવીન સસ્કારોથી સુધરેલ પતીને સાથ લઇ પોતાના ગુરૂ આપડાનદ પાસે ઉપદેશ અપાવવા લઇ જાય છે

પ્રવેશ ૮—ઢોંગ સાધુ લક્ષ્મીદાસનો શીષ્ય મુકતાનદ ગુરૂને ઠાર કરી પૈસા પડાવી લેવા માટે ગુરૂની ચલમમા ઝેરી બુટ્ટી ભરી પાય છે ગુરૂ પોતાનો અત સમય પાસે આવતા મુકતાનદ શીષ્યને પૈસાની થાપણ સધીર શેઠને ત્યા છે તેમ કહે છે બાદ બનોરનુ આવવુ સધીર ભત્રીજા લાલીયાને ચ ારી વાપરવાનુ સમજાવી, સાધુને લખી આપેલી ચીઠ્ઠીને પરસાદ સમ ી સર્વના દેખતા ચીઠ્ઠી ચાવી ખાય છે, મુકતાનદ ચેલો તથા સાધ લક્ષ્મીદાસ હાથ ઘસી રહે છે ગુરૂ મર્ણ પામતા સધીર પૈસાના નાત ઉડાવે છે. ચેલો ગુરૂ ગુમાવી હાથ ઘસતો રહે છે. પચાવેલા પૈસા માટે વાણીયા તથા બાવા વચ્ચે ધમાધમ.

પ્રવેશ ૯—ભયકર ગુફા--કેદ કરેલી કુમુદીની ઉપર

જેશલનો બળાત્કાર, બાહદુર, સરદાર આવી વણઝારાની જતી પોઠ લુટ-વાની ખબર નમજાવે છે, કુમુદનીને ગુફામા પુરી જેશલ પોઠ લુટવા જવા તૈયાર થાય છે તેવામા મયકગીહ ભાણેજ મામા જેસલને મળવા આવે છે, મયકને રોકવાનું કહી જેસલ પોઠ લુટવા જાય છે, પાછળથી કજ થયેલી કુમુદનીનુ રૂદન સાભળી મયકગીહ તપાસ ચલાવે છે આખરે પ્રેમી જોડાનો મેળાપ, મામાએ પોતની પ્રેમપાત્ર કુમુદનીને કેદ કરી દુખી કરી જેથી ક્રોધે ભરાઇ કુમુદની સાથે ચાલી નીકળે છે તેવામા જેમલનો સરદાર બાહાદુરસીંહ આવી રોકાણ કરે છે વીર મયકગીહ ગુસ્સે થઇ જઇ, ખુનખાર લડાઇ જગવે છે, સરદારો તથા લુટારાઓની ભયકર લડાઇમા જેસલ ॥ સરદારોની હાર કુમદનીનો મયકગીંહ હાથે બચાવ, ટેબ્લો.

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨જો

પ્રવેશ ૧—વેરાનના ભયાનક ગુફા-જેસલ લુટ ચલાવી પુષ્કળ દ્રવ્ય મળવાથી આનદીત બન્યો છે, ત્યા તેનો સરદાર બાહાદુરસીહ આવી કુમુદનીને મયકગીહ છોડાવી ગયો તેની ખબર આપે છે. પાપી જેસલ ભાણેજ ઉપર ગુસ્સે થઇ તેને પકડવા મટે સરદારો સાથે અમરેશ્વરી રાણી, કુમુદીનીની માતુશ્રીના રાજ્ય તરફ જવાના તૈયારી કરી પ્રથમ સરદારોને મોકલી પાછળથી પોતે જવાની તૈયરી કરે છે.

પ્રવેશ ૨—જંગલમાં-મયકસીહ તથા કુમુદીની ગુફામાથી સુખરુપ છુટવા માટે મયકનો ઉપકાર માની સ્વદેશ જવાની વાતચીત

કરે છે, તેવામા જેસલ પ્રથમથી મોકલેલ', બારવટીયા સરદારો આવી પહોચે છે. બાહાદુર મયકસીંહના હાથથી કેટલાક સરદારો મર્ણ પામે છે, ઇશ્વર કૃપાથી મયક ત I કુમુદીની નીર્વીઘ્ને ચાલ્યા જાય છે પાછળથી જેસલ પોતાના સરદારોનુ થયેલુ ખુન જોઇ ઊશ્કેરાઇ જાય છે, સરદાર બાહાદુરસીહ સાથે એકદમ સમશેશ્વરીના દરબાર તરફ મયકસીંહ તથા કુમુદીનીને જલદી પકડી પાડવા ઉપડી જાય છે.

પ્રવેશ ૩—ધર્મશાળા—ત્યા તોરલ તથા સામતીયાનું ગુરૂને મળવા જતા મુકામ કરવુ, તેવામા ગુરૂ અખડાનદનુ પોતાની જમાત સાથે ત્યાજ આવી મળવું સાધુને ભોજન માટે સામગ્રીની ચીન્તા થતા સધીર નામનો વણીક આવે છે, સતી તોરલના રૂપથી મોહીત થઇ જાય છે સતી તોરલ સતમડળને ભોજન આપવાનો ઉપદેશ કરે છે, સધીર શેઠ દગાઇ કરી તેરલ પાસેથી વચન લઇ સાધુને રસોઇ માટે અન્ન આપાવે છે. સર્વ સાધુમડળ જમવા જાય છે સામતીયાને ગુરૂ તરફથી મત્રોપદેશ મળે છે, પાછળથી સધીર દગ વણીક સતી તોરલના વચનનો બદલો માંગે છે સતી હા પાડ છે, મર્ખ સધીર શેઠ વીષયાધ બની પ્રેમની માગણી કરે છે ને પોતાના ઘેરે આવવાનુ કહી ચાલ્યા જાય છે, પાછળથી તોરલનો સ્વામી આવી સર્વ વાતથી જાણીતો થાય છે, સત્યનો જય અને પાપીનો ક્ષય એ કુદરતી નીયમ ને આધારે નીડર બની સતી તોરલ તથા તેના ભકત સ્વામી સામતીયો વણીકના ઘેર તરફ જાય છે.

પ્રવેશ ૪—સધીરનુ ઘર—વ્યભિચારી સધીર તોરલના મેલાપના આનદમા દાડમાડ કરી નવીન પોશાક પહેરી બત્રીજાલાશીયા સાથે આનદ કરે છે ત્યા સતી તથા તેનો સ્વામી આવી ઉત્તમ ભકતીનો બોધ આપી સધીરને સુધારે છે. છેવટે જ્ઞાન પામી સધીરની

બુદ્ધી સુધરી જાય છે અને પોતાની તમામ મીલકત ભત્રીજા લાલીયાને સોંપી પોતે સાધુ બની ઈશ્વર ભજન કરવા, ગુરૂ અખડાનંદના મંદીર તરફ જાય છે. સતી તોરલનો ઉપકાર માને છે

પ્રવેશ ૫—સમરેશ્વરી રાણીનો સમરગઢમાં ખાનગી દરબાર-કુમારી કુમુદીનીના વિયોગની ચીન્તા કરે છે, તેવામા દાસી આવી કુમુદીનીના પધારવાની વધામણી આપે છે. કુમુદીની તથા મયકસીહ પ્રવેશ કરે છે, રાણીનો અપાર આનંદ, કુમુદીનીને સુખ દુખની વાર્તા પુછતા પાપી જેસલે આપેલા દુખમાથી છોડવનાર વીર મયકસીહની ઓળખાણ કરાવે છે. અને પોતાના અંગરક્ષક સરદારસીહનું મર્ણ જણાવે છે રાણી સમરેશ્વરી મયકસીહને સર્વ રૂપ ગુણ સંપન્ન સમજી કુમુદીનીના હસ્ત મેળાપની તૈયારી કરે છે. તેવામા ત્રાસ ત્યા વર્તાવતો પાપી જેસલ આવી પોચેછે. ભયકર ખુનખાર લડાઇમા, મયકસીહ પોતાના મામાના હાથે માર્યો જાય છે બાદ મા દિકરી પર જેસલનો જુલ્મ રાણી સમરેશ્વરી જેસલને સતીઓમાં શીરોમણી, સાક્ષાત દેવીરૂપ સતી તોરલના પ્રભાવનુ મેણુ મારે છે જેથી તોરલને કબજે કરવાનો અભીમાન ધરે છે રાણી તથા સરદારોમા મહા ત્રાસ દાયક લડાઇ અને રાણી તથા કુમુદીનીને કેદ કરે છે. ટેબ્લો.

પ્રવેશ ૬—નાયકા મદનીકાને દ્વારે, માહાત્મા અખડાનંદનો શીષ્ય અભેદરામ આવે છે કામદેવ જીતવાના ગુરૂ ઉપદેશને આધારે, ગુણકા દ્વારે નીવાસ કરે છે, મદનીકા, અભેદરામ ઉપર મોહીત થાય છે, પ્રેમ ઇચ્છાની માગણી બાદ મા દીકરી ઉપર જુલમ અભેદરામ પલગમા સ્વાભાવિક સુઇ જાય છે બાદ સાધુ પર મદનીકા ચીડાઇ જાય છે ગુણકા વીનયા પુર નગરમા ગ ની સુતેલા સાધુને સાટકનો

મર મારે છે, અભેદરામ વેસ્યાના પલંગનો પાચ મીનીટ સ્પર્શ થવાથી પોતાને પડેલા કષ્ટની હકીકત જણાવી રાત્રી દીવસ આજ પલંગમા સુનારને ઈશ્વર તરફથી કેટલો અસહ્ય માર પડશે તેનો ખ્યાલ મદનિકાને સમજાવે છે, સત પુરૂષના મહાન વાક્યનો ઉપદેશ થતા મદનીકાને જ્ઞાન પ્રાપ્ત થાય છે, અભેદરામની માફી માગી પોતે તેની શીષ્ય બની જાય છે.

પ્રવેશ ૯—સાસટીયાનુ ઘર-ભગવદભજન માટે મળેલુ સત મડળ અને ગુરૂ અખડાનદ જ્ઞાન વાર્તાલાપ ત્યા ચત્રમાન કરવા ગયેલા શીષ્યોનુ આનવુ કામ ક્રોધ લોભ મોહ જીતવાના અધીકારી અભેદરામને ગુરૂજી ધન્યવાદ આપે છે, જેથી લોભી લક્ષ્મિદાસનો શિષ્ય મુકતાનદ કામદેવ જીતવાના અભિમાન કરી રજા માગે છે, બાદ જ્યોતીનારાયણ પ્રગટ થાય છે. ત્યા કપટી સાધુ વેશે તોરલને લેવાના વીચારથી આવેલો જેસલ ઘોડારશાળામા સતાઈ રહેલો છે તેવામા તોરલ નામની ઘોડી છુટે છે તેને બાંધવા માટે સતી તોરલ આજ્ઞા કરે છે, સેવકો ઘોડીને બાંધવા માટે ખીલી ઠોકતા સતાઈ રહેલા તોરલના રૂપમા લીન થયેલા જેસલની હથેલી વચ્ચે ભુલથી ખીલી ઠોકાય છે પાછળથી જ્યોતીનારાયણના પ્રસાદ વહેચતા, સતીના હાથે એક ભાગ વધે છે, છેવટે શોધ કરતા ગેર મનાયલા માણસનો ભાગ સમજી તેની તપાસ કરે છે જેસલને શોધી કાઢી, હકીકત પુછતા તોરલ ઉપર મોહીત થઈ પ્રેમની માગણી કરે છે, તોરલ સતી શુધ્ધ જ્ઞાન ઉપદેશ આપી જેસલને તેના પાપ કર્મનો તીરસ્કાર આપે છે જેસલ તોરલ ઉપર તરવાર ઉગામે છે, ત્યા તેના સવાર સજ્જડ થઈ

કુમી ઉપર ચોટી જાય છે. જેસલ પોતાના બળની હાની થઇ સમજી સતીનો ચમત્કાર જોઇ, ક્ષમા માગી દાસ બને છે, ઇશ્વરભક્તીનો ઉપદેશ પામી સતી તોરલને ચરણે નમે છે, સતી દેવી, પાપી જેસલના હાથથી મરેલા કાગા કમના ચીત્ર બતાવે છે. ટેબ્લો.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો

પ્રવેશ ૧— રાજ માલદેનો મહેલ મયંકની માતા પુત્ર વિયોગથી બેહદ ગમગીની તેવામા સમરગઢની રાણી સમરેશ્વરી તરફથી મયંકના મૃત્યુ સમાચાર આવેલા સાંભળી રાણી તથા રાજાનો અત્યંત શોક. માલદેવનો ક્રોધ, પુત્ર મરણના વૈર લેવાના ઇરાદાથી સેનાપતીને લશ્કરની તૈયારી કરવાનો હુકમ. જેશલને પકડી લાવવાના દ્રઢ નિશ્ચયપર આવી પ્રયાણ કરવુ

પ્રવેશ ૨ ગુફા જેસલના ડાકુ સરદાર બહાદુરસીહની જાળમા સપડાયેલી કુમુદીની તથા સમરેશ્વરીની કેદી હાલત શીયળવતી કુમુદીનીના સૌન્દર્યપર મગ્ન થએલ બહાદુરસીહની કુમુદીની પાસે પ્રેમની માગણી સતિત્વના વ્રતપર અચળ રહેનારી કુમુદીનીનો તિરસ્કાર, આથી આ દીકરીને દુરાત્મા બહાદુરસીહની ધમકી શીયળના ભાગે માટે જીવનો તુચ્છ ગણનારી વિરાંગના કુમુદીનીનુ ટેકમા અચળ રહેવુ આથી ક્રોધે ભરાઇ તેની કડકડતી કડાઇમા નાખવની તૈયારી તેવામા મુનિતીના પગે ચડેલો જેસલ તથા સતી તોરલ વીગેરેનુ

ત્યા આવવુ અને પાપીને આવુ પાપીને કરવાને સદબોધ પણ અજ્ઞાનના તિમીરથી ઘેરાયલા કામીને પથ્થરપર પાણી અને કરેલ હુકમનો અમલ કરવાની સાસતીયાને સુચના પણ સતિનુ શીયળ સાચવવાની તોરલની ઇશ્વરની સ્તુતીના પ્રભાવે અને પોતાના સતિત્વના ગણવ્યે અચાનક પહાડની તળેટીમાથી રાક્ષસ પ્રકટ થઇ પાપી સરદાર બહાદુરઅલીહનેજ કડાયામા નાખી દેછે પાપીને તેના પાપનીયોગ્ય શીક્ષા.

ટેબ્લો.

પ્રવેશ ૩ ..મદનીકા અને કામ જીતવા નિકળેલા મુર્ખ શિષ્ય મુકતાનદનુ આવવુ ત્યા સત્સગ પ્રતાપે ધર્માવલબી થયેલ મદનીકાનુ આવવુ માત્ર ઉપરથીજ શુદ્ધ દેખાના બગ ભકત મુકતાનદનું મદનીકાપર મોહીત થવુ અને વિષય લાલશાએ પ્રેમની યાચના પણ પવિત્ર મદની-કાનો તીરસ્કાર અને સદબોધ તોપણ અજ્ઞાનતાને વશ થયેલ મુકતનાદની એકજ હઠ આથી તેને સુરન્તે લાવવા શુદ્ધ મદનીકાનો યુક્તિમર ઊપરનો પ્રેમ અને મદનીકાની સુચના મુજબ વસ્ત્રાલકાર લેવા મુકતાનદનુ જવુ લેને ગઇ પુન આર ખા આઇ કસમ.

પ્રવેશ ૪—દરીયો તોરલની સાથે હોડીમા બેની સમરગઢ જવા નીકળેયો જેશલ અચાનક પવનના વાવાઝોડાથી હોડીની ડુબવાની તૈયારી આ દેવી કોપથી માતને પામે આવેલ જોઇ જેસલનો કમકમટ અને આ ભયથી મુકત કરવાને સતિ તોરલને જેસલની વિનતી તેથી તોરલે તેને બચાવવાનુ વચન દઇ આજ પર્યંતના સઘળા પાપ બોલવાને જેશલને કહેવુ આથી જેસલ પોતના પાપો બોલે છે અને સતિ તોરલ પોતાના શીયળ પ્રભાવે હોડીને કીનારે લાવે છે આથી જેસલ મુખે તોરલના યશોગાન અને સતિનો ઉપદેશ માટ સકળની પ્રયાણુની તૈયારી ત્યા પુત્ર વેર લેવાની પ્રતિજ્ઞા

કરી નિકલેલ રાજા માલવદેવનુ લશ્કર સહીત આવી જેસલને કેદ કરવુ.

ટેબ્લો.

પ્રવેશ ૫—મદનીકાનું નિવાસસ્થાન-સંસાર સુખની અભિલાષા માટે મગી શીટેંા મુકતાનંદ મદનીકાની આજ્ઞાનુસાર લઇ આવેલા વસ્ત્રાલંકાર આપી પોતાની મલીન ઇચ્છા પરીપુર્ણ કરવા કહેવુ, આથી તેની પાપગતી સુધારવા મદનીકા સદુપદેશ આપી તેને સુરસ્તે ચડાવતા બાદ ત્યા સદગુરૂ અખંડાનંદ સાથે સતિ તોરલ વગેરેનુ આવવુ મદનીકા તથા મુકતાનંદનુ નમન કરી કૃતાર્થ થવુ બાદ જેસલને કષ્ટ મુકત કરવા સર્વેનુ માલદેવ રાજાના દરબારમા પ્રયાણ

પ્રવેશ ૬—માલદેવનો ભવ્ય દરબાર-મયકના મૃત્યુ બાબત જેસલ પાસે માલદેવનુ ખુલાસો માગવુ જેસલનો પશ્ચાતાપ પુત્ર વૈરાગ્ય થી સળગતા માલદેવે ક્રોધ ભરાઇ મયકના ખુનના ગુનાહની શીક્ષા કરવાનો દૃઢ વિચાર કરી ગુનાહના બદલામા જેસલના બન્ને હાથોને કાપી નાખી વધ કરવાની તૈયારી તેવામા અખંડાનંદ તથા સતિ તોરલ નિ આવી રાજાને અનેક પ્રકારે સમજાવવુ અને કામ ક્રોધ, લોભ અને મોહને જ ખરા ગુનેહગાર ગણાવી જેમનને દોષ રહીત ઠરાવી શિક્ષાથી મુકત કરવા કહેવુ પણ તેથી નહી સમજતા માલવદેવનુ પોતાના વિચારપર અચળ રહેવુ જેથી તોરલ રાજા માલદેવનુ તથા જેશલનુ દુઃખ નિવારવા નારાયણનુ સ્તવન કરે છે પાતિવ્રત્ય પ્રભાવે જ્યોતિનારાયણનુ પ્રગટ થઇ માલદેવના પુત્ર મયકને સજીવન મેળવવો અને જેસલના બન્ને હાથો સાજા થવા સર્વનો આનંદ અને મયક કુમુદીનીના હસ્ત મેલાપ

શાન્તિ શાન્તિ શાન્તિ

—ઇત્યોરૂમ્—

સતિ તોરલ નાટકના ગાયનો.

સુત્રધાર બાળાઓ— ૧

ૐ શ્રી નારાયણું નમ
સુખદાયી, શેષશાયી— ૐ શ્રી
કમળ નાભ કમળા કાન્ત,
કમળ વદન, સદન શાન્ત
પ્રણત પાળ, પાહી પાહી- ૐ શ્રી.
નવિન નાટ્ય તુ સુધાર,
આપ કૃપાનો આધાર,
માગુ સહાય ગુણ ગાન— ૐ શ્રી.

બાળાઓ— ૨

ચાંદ્ની નને સ્નેહે નમી વિનવે,
સતિયોના નામે મોટા મુનિયો નમે,
વિમળ શ્રગારે શાણી દેહ દીપ ને,
પતિ પ્રભુમા જેનુ મનડુ રમે—સતિયો
હરિહર ને બ્રહ્મા જેના પારણીયે ઝુલ્યા,
ભણુતા ઉત્તમ ગુણ તનના તાપ સમે—સતિયો.
સાવિત્રી સતિયે પતિને યમથી છોડાવ્યો.
ચારૂ ચરિત્ર જેના જગને ગમે—સતિયો.

જાનડીયા — ૩

હલક ચાલે વનીજાનરે, આને હીરાના વરરાજ,
હીરાશા વરરાનને, રૂપાળા ઝાઝા,

જાગ્યુ ભાગ મ્હારાજાર-આને હીરાશા વરરાજા
મળશે હીરાશાને વીજળી વહુનુ જોડુ,
એ તે કાંઈ પુન્ય પોકુરે-આને હીરાશા વરરાજા

લક્ષ્મિદાસ,વિજળી— ૪

આજારે બલે જોબનવાલી,
જરા નૈનસે નૈના મીલા મેરીજાન, --આજારે.
જાવા દ્યો, છેડ કોઈ જોગે બાવાજી
સાસરીયા જાણશે તો બગડશે આજી
છોડ અગરી બતીયા, કલા મેરા મન—અજારે
તેરી અદાસે વાઘલ હુવાહુ
જરા ધીરે સે ખિચ પ્યારી તિરછી કમાન,
(હોજી ચેલી તુ નવેની, હુ બાવજેવી)
વા— આજારે.

સધીર લાલીઓ-- ૫

વાવા લાવા, કેવી નદકળાને કેળવીર,
(નાકા બરાબર કરી, આંપુને લીધા બોળવીરે
વણિજ વિદ્યા સહુથી મોટી, ચૈદ વિદ્યા, એ આગળ ખોટી,
ગનધન, અધનધન મન, થયા પ્રભુ પ્રસન્ન
બાઈ બાહ થયા પ્રભુ પ્રસન્ન છે હું (ખુબારા) વાવા, વા ા,
(કાકા આ રૂપીયામાથી હવે હુ પરણીશ, મારા માટે નાનકડી
શેઠાણી લાવીશ, પછી ?
પછી હુ મોટો ઠાઠ કરી મ્હારી લાડી સાથે મુબાઈ કરવા જઇશ
અને ખાસ એક કારેપેશન જોડાવીશ, અંદર બેસીશુ ને પછી

ગાડી અમ ચાલશે, જુઓ ફી '૬૬-૭૬-૭૬-૭૬)
મફત માલથી મેજ ઉડાવો,
પોક મેલીને રેશે બાવા
ચાલો હવે ઘેર, થઇ છે લીલાલ્હેર,
લાલીયા હ
કાકા હ . ... હ હ હ વાવા વાવા,

તોરલ, કુમુદિ, સખીઓ—ગરબો-૬

શ્રી હરિરે લોલ, 'હેલો તે અવતાર કયા ધર્યોરે,
મચ્છ તણો અવતાર મ્હા । વ્હાલ.રે
મચ્છે સખાસુર મારીયોરે, વળ્યા બ્રહ્માના વેદ ચાર, મારાવાલારે,
જગપતિ કાન કેરૂ ક્રમાણુ રે લેલ,— શ્રી હરિરે લેલ.
બીજે તે અવતાર, ધ્યા ધર્યોર,
કચ્છ તણો અવતાર, મ્હારા વ્હાલારે, કચ્છે સમુદ્રનુ મથન કર્યુ રે,
કાડયા છે ચૌદે રત્ન, હારા વ્હાલારે. જગપતિ કાનંકર
ક્રમાણુરે લોલ.

સાખી

વરહ થૈ હિરણ્યાક્ષનો કર્યો હરિ સહાર.
ઉગર્યો પ્રહલાદને, ધરિ નૃસિહ અવતાર,

ઢાળ (૨)

ધર્યું પચમ વામન રૂપરે, હરિ છળવાને બળિને,
ભર્યુ ત્રિભુવન, ત્રિડગ મહીરે ચાંપ્યો પાતાળે બળિને,
પરશુ ધરી, શસ્ત્રા અર્જુન ને માર્યા,
પાપિ ગર્વિષ્ટનો ગર્વ ઉતાર્યો,

કીધી, નિક્ષત્રિ ભુમી નાથરે, તાત વૈરથી બળિને,

સાખી

રવણ હણિ લાવ્યા સિતા, જન્મિ રઘુકુળરામ,
અધમોદ્ધારણ કૃષ્ણ થઇ, કર્યા ભકતના કામ;

ઢાળ (૩)

બુધ્ધા, અવતાર પ્રભુ રહ્યા ધરી, સ્નેહ લાવોને,
ભય હરશે કલકી અવતરી, ગોવીંદ ગુણ ગાવોને
એવા ચરિત્ર નારાયણના,-સ્નેહ લાવોને,
સમજીને નરનારી, ગોવિંદ ગુણ ગાવોને,
એ . ...શ્રી હરિરે લોન.

તોટક— ૭

સતિયોને બહેની, તનપર, સુન્દર સજવુ ઘરેણું સાચુ,
ટેકની ટીલડી કરવી લલાટે, લજ્જા કાજળ દ્રગ ભરીયે,
વિનયની વાળી નાકે રૂપાળી, હરી હેત હાર, હૈયે ધરીયે-સતિ.
કુલિનના મેરી સજલી સજની, કોડે કચુકિ નિત રૂડી,
ચળકે કમનિય, યુગલ કરોમા દાન તણી શુભ ચુડી-સતિ.
સાડી શિયળની અગ ઓપાવે, અળતો પતિવ્રત કેરો,
મર્યાદા ઝાંઝર પગ ઝમકે, ચતુરાઇ ચરણીયો પ્હેરો—સતિયોને.

મદાનકા— ૮

પ્રેમ રગે હુ અનગે ભરી યુવતી,
રસ બસ થઇ પ્રિય નરને પ્રિતે રીઝાવતી—રગે૦
મધુકર મોહનજી રહો, યૌવનના બાગમા
રમી રહ્યો સ્નેહ સાથ મધુર પ્રેમના પરગમ,

ઝુલાવતિ, અગ પ્રિયે કળિ વિકસવતી—પ્રેમ રગે૦

તોરલ-સાસતિ મહનિક— ૯

છો યોવન વન ા માળિ, પ્રિય પધારો મોહન મ્હારા,
વિષય વાસના દુષ્ટ ગણુા મન ભ્રષ્ટ કરે પિયુ પ્યારા
જનેજા દુટા અહિથી આવી તુ નિચ ક્યાથી,
માની લ્યો પ્રિતમ વાત હિતની તમારા,
છાનીરે શાણી સતિ, ડાંપણુ કરે શુ અતિ
મુક્ય પતરજી ગયી, મનુ તુ સતાવ ના,
ચાલ પ્યારી, સુખકારી તુ છે મ્હારી, રસઝારી
વારી રમીયા હૃદય વમનરા,
(હા હા વ્હાલા આ શુ કરો)
ચૂપ,
જન છા યોવન વન—

કુમુદિની— ૧૦

ખિલી શુ આ ફુન વાડીરે સાહેલી શાણી
રચના જેને રૂપાળીરે, સાહેલી શાણી
લતા વૃક્ષ લગી ઝુમે, ભ્રમર કળિ, કળિ ચુમે,
ઘેનો થઈ રસ ચુમેરે, સાહેલી શાણી
સુગધિ સમીર વાય તન પ્રફુલિત થયે.
મન થન ગન થાયેરે, સાહેલી શાણી

સાખી

વિવિધ સુમન, નવરગના વિવિધ રસે ભરપૂર,
વિકસિત થૈને ડોલતા, હૃદય બંધ જોઈ ઝુરે—ખીલી શુ

સખિઓ કુમુદિની— ૧૧

વા રંગીલી રસઘેલી, યૌવન મદમાતી રસીલી,
જાઓ બની શું આમ ઘેલી, સતાવો શીદ મને સાહેલી,
વારે ઘણું—ઓહો ઘણું રા.
પ્રેમ તાન, માનમાં બગેલી—સતાવો શીદ મને સાહેલી,
હું બાળા અજાણ સખી શું જાણું પ્રેમની વાત
પ્રેમ બીજ પ્રગટાય થતાં યૌવન વર્ષા શરૂઆત,
હાર ભાર ના જણાયે,
(ગટક બોલો શું જણાય ' ઉહૂ)
નગ આ કંચુકી કરી ટોળી-યૌવન મદમાતી—

કુમુદિની— ૧૨

,, નિકટ ન દેખું પારધી, વાગ્યા ન દેખું બાણ
,, હું તુજ પૂછું હે સખી, શાથી નિકળ્યા પ્રાણ

/ / \ ˇ × ×

મંચક—,, જળ થોડું પ્રીત ઘણી લાગ્યા મોહના બાણ
,, તું પી, તું પી, વિવાદમાં નિકળ્યા એના પ્રાણ

× × ˇ \ × ×

,, જતિ ગ્રીષ્મ તાપે, ટગવે થઈ ત્રાતુર મૃગને મૃગી
,, દીઠ સરોવર શુષ્ક, દોડી આવીયા કુવા લગી
,, ત્યાં નીર પર જોઈ અલ્પ નિર, પ્રેમના વિવાદે ચડ્યા
,, વદે તું પી તું પી, દંપતિ, તજી પ્રાણ પૃથ્વીપર પડ્યા

કુમુદિની-મયંક- (૧૩)

વ્હાલમ વ્હેલેરા પ્રિતેથી દર્શન દઈને દેજો.
મારા મીઠડા મોહન વરજી, રસીયા હૃદય કમળ રહેજો.
સ્નેહના સંદેશા કહેજો
પ્રિતના લ્હાવ લલિત લેજો
શ્યામ વિરહી વધુ વધુ ના કરશો
શાન્તિ સદા પ્રિય ઉરમા ભરશો
સુખકર મનહર, હીમકર પ્રતિમા પળ પળ મન કરશો-વ્હાલમ-
શુધ્ધ સ્નેહના મન બાણીને, ગુણીયલ આવી દ્રઢ ગ્રથી.
• હે પ્રિય પથી
વા ગુણવતી
(છે પ્રણામ)
(સિધાવો વ્હાલા) વિનતી ઉરધરજો—વ્હેલેર

મદનિકા— ૧૪

હારે રંગીલુ રંગ ભર્યું ખીલેલુ પ્યારૂ આ મારૂ જોબન,
હુ નાર નવેલી હુ અલબેલી પ્રીય ચમેલી રીઝવુ મોહન-રસી.
પ્રીતે રીતે લલના હુ લટકે છેલાને લોભાવુ,
રસીલો રંગે રીઝાવુ, જોબન ઝુલે ઝુલાવુ,
અંતરામૃત પનમા ગુલ્તાન કરી ભોગી મન ભવુ,
આ તનમન વારુ જીવન રસીલુ

મદનિકા— ૧૫

પ્યારે નયન ન મન મારો-મય હાર ગઇ,
બાયો જોમન હય બીચારો-મય હાર ગઇ.

તીરછી નજરવાડે બા। લગત હયે
કોઇ હકીમ ન હમારો મય હાર ગઇ
મય હા બેચન જાતી બીન્દ્રાબન
બૈયા મરારે કાહન કારો મય હાર ગઇ

શેયર.

યે તેગે અબ્રુને જખમીયે હમ દીલ઼ાગ કર દીયા
હએ બીનત્રારપર મેરે જીગરના પાર કરદીય પ્યારે નયન ન.

તોરલ— ૧૬

,, પતિ નવ ઘર આવ્યા, યામિની પ્હોર વીતી,
,, અધિક હૃદય માહી, લાગતી હાય બીતી
,, પ્રભુ પ્રભુ મળ કેતી, સ્વામિમા ચિત્ત પ્રોતી,
,, અતિ અધિર થઇને, અવી હા પથ જોતી

તોરલ— ૧૭

આશા નાહકે અનાથેના નાથ વાહલાડ કરૂં વીનતી
દયા ધરી દીલમા દયા ઉગારો સ્વામી આ પળે હરી
પાન્ડવ ઝેરની લીધા ઉગારી બળાના બચાવ્યા બાળ મંજાર
વળી તાર્યા ગજરાજ ઉગારો સ્વમી

સાખી.

સજીવન કીધી નાર જાણી દાસ જયદેવની
તેમજ મજ ભરથાર વિષ હરિ હરિ જીવતા કરો
વાહાલાજી વખત થાય સતીનુ સોભાગ્ય જાયે
રાખો બાનાની લાજ, ઉગારો સ્વામી આ પળે

મુક્તા-સધીર-લાલીઓ-- } ૧૮
ઉજળી---

હે હે મેરી મુડી, છોડ બાત અયસી ટેડી.
નહિતો માર માર અભી તેરી તોડુ પસલી
હેહેહેહેહેહેહે (૨) બાવાજીની બુદ્ધિ જુઓ ધુળમા મળી- હે હે૦
ક્યુ બનિયા તુ ઢોંગ ચલાવે,
ખાણીયે પચાવ્યુ ધન પ્રભુ ન કદાંન,
માર લાત
હા---હા---આ શી વાત

{ કહો બાકા કેમ
થયુ ધન હજમ,
હાય શીરા કરમ, }

જા---જા---
હે---હે---

કુમુદિની--- મરાઠી બાબી-૧૯

ક્યાં નિજ સુખનુ સ્થાન મનોહર, ક્યાં પ્રિય નાથ ત્યાગી,
દૂર કવિવરપદ કચરાતી, કુમુદિની રડી વિનાથી
શો દુઃખ કાપી, મિલનને આવી છંગ્યા પાપી

ટેબ્લો.

અંક બીજો.

લુટારાઓ— ૨૦

સૌ સુરવીરો બની નીડર બહાદુરો ખરા દીલદાર
શત્રુને હણવા સકળ આગે સબળ જંગે જબર
વૈરીના લઈએ પ્રાણ, ધરી કૃપાણને કટાર
નમી પડે છે હારી થઇ લાચાર શરા સરદાર
લુટીને ધન, કરીએ અમન, મહા ચમન, થઇએ મગન
સદાએ મન ઉમંગ સંગ અપાર-- સૌ સુરવીરો

જેસલ— ૨૧

મારૂ મારૂ આ તલવારે પાપોને
શોધીને બાંધીને ગનઉ લાઉ ઝટપટ
કરી છગ ધરી ખગ પ્રેમે બળ જો ભુતળ
દુષ્ટને પછાડું કષ્ટ હું પછાડું બસ રગડું
ધીક્કાર ધીક્કાર દૂર વેરી થયો દુર્જન
ક્રોધ લ્હાય પ્રગટાય, ઉરમાહી ન સમાય,
કાપીને વીદારૂ પાપીને સહારૂ ગર્વ સહુ ઉતારૂ-મારૂ મારૂ

કુમુદી-મયંક-- ૨૨

પ્રિતિના પંથે જે જાણી વિચરતા, નહિ કષ્ટની પરવા કરતા,
ભ્રમર કમળને પ્રાણજ દે છે, મૃગ પ્રેમે વિંધાઇ રહે છે.
પ્રિત રીત નહિ સ્હેલી રસિલા, છે બહુ મુસ્કેલી,
ઉરમા પ્રેમ ધરતા અવનિમા વિરલ અનુસરતા પ્રિતિના પંથે.

તોરલ— ૨૩

મીઠી મીઠી નીંદરડી લ્યોને વ્હાલા,
સ્વામી થાઓ સુખાળા.
એવુ ચરણુ કમળ સુકોમળ
સ્નેહ ધરી રસનાએ રટુ નામ
શ્રેયની મુરતી જપુ માળા.
સુખી રહો, રઢીઆળા—મીઠી મીઠી

અખંડાનંદ સાધુઓ— ૨૪

નારાયણુ મુખ ગાવો સાધુભાઇ, હરિમો ધ્યાન લગાવોરે
કયા માયા છોડ ચલેગે, નિર્ભય બાસ બસાવો.
કામ ક્રોધ મદ લોભ મોહકો મનમે માર હટાવોરે
ત્રીકુટી તરમે સુરતા સાધી, ધુન અલખકી જગાવોરે નારાયણુ

તોરલ— ૨૫

રેજો વિભુ સહાય શ્રીવરરે સતિના આધાર
ભકતોના ભીડયુ ભાગનાર, સાચાના તમે સહાયકાર
આવ્યુ ધર્મ સંકટ માથે, હરિ બાજી તારે હાથે.
વચને બંધાઇ છું હું નાર, વાલારે વેગે કરો વ્હાર-સાચના.
વિઠ્ઠલવર વિપતિ નિવારો, ભરૂસો છે એક તમારો.
ભાગ્યાના છો ભેરૂ સરજનહાર, વ્હાલારે, લજ્જા રખનાર સા૦

લાલાપો— ૨૬

બની જઇશુ હવે તો મોટા શેઠ વાહ વાહ,
ઘણા નોકર રાખીશુ હાથ હેઠ વાહ વહ,
ચાલુ અક્કડ હુ આમ, બસ વાહ વાહ વહ

લોક કરશે સલામ, ખાગ આહાહા—બની૦
મળી ગયા ખુબ રૂપિયા ન્હેર કડા કડી ડુ પીગ,
પરણીને લાવીશુ નાનકડી લાડી,
સાચી પહેરાવું ચોળી સાડી,
કેમ?
રમતે ગમત મોજ કરીશુ,
ગાડીમા બેસીને રોજ ફરીશુ--ડચ-ડચ--ડચ--બની૦

વારાંગનાઓ— ૨૭

રાજ્ય સિહાસન રાજરે શુરવીર મહારાણી
રહે પ્રજા સપે સુખમાણીરે, શુરવીર મહારાણી
કિર્તી કિરણ ધારી ચંદ્રિકા જેવી
ન્યાય સુધા વરસો વાણીરે—શુરવીર
પાપી શત્રુ દળ કમળ સમહની,
રૂતુ હિમત રૂપે જાણીરે—શુરવીર.

મદનિકા ૨૮

આ ચચળ ચપળ નયન હસારે મારૂં હુ કાળી કટાર,
આ કમર લચક ગોવન મચક જોબન બને લાખોબાર.
પ્રિતીનો પાસ રાખી કરૂ પ્રેમીદાસ
રૂપાળી રસાળી નાર હું નખરાદાર-આ ચચલ
મદભરી નજરમા રાખુ ઉરમા રગપુરમા
બનાવુ ચોગી ભોગી પળમા સાગોગી પળમા,
પ્રેમ કમળ કેરા પરીમળમા કરૂં ભમરને તાબેદાર—આ ચચળ.

મદનિકા, અભેરામ— ૨૯

મે ધા સુખ સંસારના સુદર મહિલાથી માણીએ,

અલબેલા ઉમંગથી અબળાપર પ્રીતી આણીએ
અમુલખ લટકુ જોબન ફેર ગયુ ફરી નવ આવે
રહીને રામા રંગીક ગ ગાથે ભોગ ભોગવો ભાવે--મનહર માણીએ.
કામીની તનમાહા વિકટ વિપીન જહા કામ ચોરકા બાસા
મુકિત માગી હાથોસે છીન લે, દેવે દુરમનિ ફાસા-પ્રીતી આણીએ
પીન પીયો ધરિ અંબુજ વદના, વળા બગ જોબન અંગે,
જન્મ વૃથા તે જનનો જગમા જે નવ ગંગે રંગે-પ્રીતી આણીએ.
નકસ્યબડી હયગી રડી તપો વીખડી જાનો
ઉસપર જો માહાત્મ બને નર મૂર્ખ માહા મોઢી માનો--પ્રીતી.

મદનિકા— ૩૦

ગાઉ હુ ગુણ તારાંગે,
સ્નેહ કમલાવર પ્યારે હે જગનાથ
સંસાર સાગર મહાજળ તરવા,
શ્રીહરી સાચા નાવ માગે--હે જગનાથ
પુણ્ય પતીત હુ અધમ સદાની,
દીનબંધુ તારી દીનદાસે આ તારી દીનદાસે —હે જગનાથ.

તોરલ તથા સવ ભકત મંડળ—

ભજન ૩૧

સદ્ગુરૂ મળીયા, સંના સંશય ટળીઆ,
મહારી ભય કેરી ભ્રમણા ભાગીજી હોજી,
બીજ અંકુરડાને પ્રેમ પલીતો,
મને જ્ઞાન ગલોલીયુ વાગીજી હોજી—સદ્ગુરૂ૦
શૂરા નર હોય તે તો સન્મુખ લડશે,

બોલ્યા કાયર જાશે ભાગી હોજીજી.
ધન ધન દાડો પ્રભુ પાટે પધાર્યા,
રૂડી ઝળ હળ જ્યોત્યુ જાગીજી હોજી—સદગુરૂ૦
ગુરૂજી પ્રતાપે બોલ્યા તોરલદે,
અમને હેત્યુ ધણીની લાગીજી હોજી--સદગુરૂ૦

તો૦લ-- ૭૨

જેસલ કરી લે વિચાર માથે જમ કેરો
આ તો જોયોરે સંસાર, તોળાદે કરે છે પોકાર
આવોને જેસલ ગય આપણ મળીયે
જગ સંત હોયે ત્યા જઇ ભળીયેજી
આ ભવ આવીયો અવતાર માથે સદગુરૂ ધાર,
જાવું ધણીને દરબાર એડલી ઉતારે ભવપાર-આવોને--
મોતિ એરણુમા ઓરય, માથે ઘરણ કેરા ઘાય,
ફુટે ફોગટીયા કહેવાય, સાચાની ખરે ખબર્યું થાય-આવોને—
નવલખ કોથળીઓ બધાય, ત્યારે ગાંઠીડો કહેવાય,
હિરામાણેક હાટે વેચાય તેના મૂલ મોઘા થય-આવોને—
નિત્ય નિત્ય ઉઠી ન્હાવા જાય કોયલા ઉજળા ન થાય,
બેટો ગુણિકાનો તેતો બાપ કોને કહેવા જાય-આવોને--
દેખાદેખી કરવાને જાય, એ નર અધુરીયા કહેવાય,
હાથમા દીવો લઇને, છતી આંખે કૂવે પડવા જાય.
એવી ચાર જુગની વાણી સતિ તોરલ દેવી ગય.-આવોને—

અંક ત્રીજો.

ફુલાંદે-સખીઓ— ૩૩

સખી નવ ચેન દિવસ રેન પડ લગાર મને,
આવે ક્યારે પુત્ર પ્યારો, એ લાડકવાયો મારો
અધીરૂ એ દિલ અતિ આ, ફરી ચિન્તાતુર બને-સખી૦
ધીરજ મન ધારો બાઇ, કરો નહી ચિન્તા કંઇ
કુમારશ્રી કાલે મળશે. આશા સહુ આપની ફળશે.
વામ અંગ ફરકે મારૂં મનડું એથી ધરે ઉચાટનોસખી૦

માલદેવ- ૩૪

કડ દોરને હાર હું આવ્યો
બળ્યો ક્રોધ અપાર, ગવિષ્ટ એ ગમાર,
પુત્રને મારનાર, પોચાડું યમ દ્વાર—દો૨.
અધમ જુલમ કરી હવે ન જઇશ ક્યાં
વેર વાળુ, ને પ્રજાળુ, જન ગાળુ, કયું કાળુ,
કર્મ તે શર્મનું ધર્મ ભૂલીને બકી જનાર—દોર.

સમરેશ્વરી— ૩૫

નીર્દય ભાગ્યની કેવી અવળી બાજી જણાયે,
રાજ્યને પાટ સૌ હારી નારી શાને સરજી હું હાયે—અવળી૦
દુખકર આવા દીવસ વીતાવું ઉતરું ભલીશ હા થાએ
ક્યાં દુઃખ વન આ રાજ્ય સુખો ક્યાં,
કર્મ લખ્યું શે શુભાગે——અવળી બાજી૦

જેસલ તોરલ— ૩૬

ભજીલે મન નારાયણનું નામ,
જાવું છે માયા મેલી, દીન જનના સાચા બેલી,
રાધાવર ઘનશ્યામ—ભજીલે૦

ઉત્તમ નર, તન મેળવી, માનવ કરીલે ઉત્તમ કામ,
આ પળ એળે જો જાશે તો, પડશે ચોરાશી ઠામ;
આવ્યુ આ ઉત્તમ ટાણુ નહિ મળે ખર્ચે નાંખું,
મોક્ષ મુક્તિનુ ધામ— ભજીયે૦

સાખી.

મોહ જતા સૌ ભય ટળે, ભય ટળતા દૂર શોક,
શોક જતા શાન્તી મળે શાન્તી સુખદ વીશોક;
જાવુ છે માયા મેલી—

મદનિકા-મુક્તાનંદ— ૩૭

છો મારા જીવન આધાર જોગીરજ
કયસી બાંકી ભ્રગુટી કમાન,
પ્યારી નયનોંકા મારા ન બાન.
મળો રંગરાજ ભોગી આજ—છો મારા.

સાખી.

કંગન નથની દામણી નવસર હીરા હાર,
સાડી સુરત શહેરની લવી દયો આવાર
અબી જાકે મેય લાંઉ આના હું દીલદાર,
તુજે પ્યારી દુલારી સજાવુ શીંનગાર—છો મારા

તોરલ જેસલ— ૩૮

પાપ ત્હારૂં પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશરે,
ત્હારી બેડલીને બુડવાનહિ દઉં જાડેજારે—તોરલ કહે છે.
હેર્યા લખચાર તોરલ દે હરણ હેર્યાં લખ ચારરે.

કમ ત્હરાં સભાય જાડેજા ધમ ત્હારો સભાયરે તારી બેડલી
લુટી કુંવારી જાન સતિનારી લુટી કુવારી જાનરે,
સાત વીશુ મોડબંધ મારીયા તોળાદેરે, જેશલ કહે છે
ધર્મ ત્હારો સભાળ્ય જાડેજા ધમ ત્હારો સભાળ્યરે–તારી બેડલી.
તોડી સરોવર પાળ, સતિ નારી તોડી સરોવર પાળરે.
બ્હેન ભાણેજને દુભવ્યા તોળાદેરે જેસલ કહે છે
કંઇક પરમારથ કર જાડેજા કંઇક પરમારથ કરરે—તારી બેડલી
માથાના જેટલા વાળ સતિ નારી માથાના જેટલા વાળરે.
એટલા કુકમ મ્હેં કર્યાં તોળાદેરે જેસલ કહે છે
પાપ ત્હારૂં પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશરે.
વિનવે જેસલ રાય સતિને વિનવે જેસલ રાય,
સતિ નારી આ નારી બેડલી ભવપર ઉતારો.

તોરલ મદનિકા— ૩૯

ભગત ભય હારી વૈકુંઠના વીહારી વ્હાલા
નામ પરવારી શ્રી ગીરધારીલાલા— ભગત
વીશ્વનાટકના જીવ નટોને સ્વેચ્છાથી સવ નચાવે
સુત્રધાર એવા પ્રભુ પોતે નૌતમ ખેલ રચાવે વ્હાલા-ભકત
સીધ્ધ મુનીશ્વર ધ્યાન ધરે વળી
શેષ શારદ ગુણ ગાવે એવા પ્રભુને નિશદીન ભજતા
જન્મ મરણ ટળી જાએ વ્હાલા–ભકત

જ્યોતિ દેવના દર્શન.

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજની અને શાખાનો જ્યા જ્યા મુકામ હેય ત્યાથી મળશે માટે જેઓ સાહેબને જોઇતા હોય તેઓએ રોકડી કીમતથી મગાવી લેવા વી પી થી મોકલવામા આવશે નહી નોટપેડ કાગળો રાખવામા આવશે નહી

ચોપડીઓના નામ			રૂ આ પા
૧ સરસ્વતીચંદ્ર નાટકના ગાયન		(આવૃતી સાતમી)	૦—૨—૦
૨ બોલતો કાગળ	,,	(આવૃતી પાચમી)	૦—૨—૦
૩ જાલીમ ઢુલીયા	,,	(આવૃતી બીજી)	૦—૨—૦
૪ પરશુરામ	,	(આવૃતી છઠી)	૦—૨—૦
૫ ઇંદ્રાવતી	,	(આવૃતી ચોથી)	૦—૨—૦
૬ વસુધરા યાને એધારી તલવાર નાટકના ગાયનો		(આવૃતી બીજી)	૦—૨—૦
૭ બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર નાટકના ગાયનો		(આવૃતી પેહેલી)	૦—૨—૦
૮ સતી તોરલ	,		૦—૨—૦
૯ ચલતુ જમાનો	,		૦—૨—૦
૧૦ સરોજની	,,		૦—૨—૦
૧૧ આર્ય વિજય	,		૦—૨—૦
૧૨ અમર યોગીન્દ્ર	,		૦—૨—૦
૧૩ અકબરશાહી હીરો	,		૦—૨—૦
૧૪ પ્રતાપી પ્રમિલા [ભાષણ સહીત]			૦—૮—૦
૧૫ ચિતોડનો કરણ	,		૦—૮—૦
૧૬ કામલતા	,,		૦—૮—૦
૧૭ સત્યવાદી હરીશ્ચંદ્ર	,,		૦—[illegible]—૦

આર્યનીતિદર્શ